


# સંબંધો પર માટીનો મલમ જીવનદાન આપી જાય છે

હું મારી દીકરીને સાસરે પાછી નથી મોકલવાનો. મારી એકની એક દીકરીઃ મારું એક માત્ર સંતાન! મને ભારે નથી પડવાની પણ ત્રાસ સહન કરવા ફરી સાસરે નથી મોકલવાનો.'' એકનું એક રટણ કરતાં જયંતીભાઈને શાંત કર્યા. પછી તેમને શાંતિથી સાંભળ્યા. વાત એ હતી કે, જયંતીભાઈની પત્નીનું ટૂંકી માંદગીમાં નિધન થઈ ગયું હતું. તેમનું એકમાત્ર સંતાન શ્રેયા ત્યારે 15 વર્ષની હતી. જયંતીભાઈએ એકલા હાથે તેનો ઉછેર કર્યો અને પરણાવી. શ્રેયાના લગ્ન બાદ જયંતીભાઈ એકલા થઈ જતાં તેમના પરિવારજનો તથા મિત્રોએ તેમને સમજાવી બીજા લગ્ન કરાવ્યા. બધું હેમખેમ ચાલતું હતું. શ્રેયાના લગ્નને પણ છ વર્ષ થઈ ગયાં હતાં અને તેને પાંચ વર્ષની દીકરી પણ હતી. શ્રેયાની સુવાવડ તેની સાસુએ જ કરી હતી અને શ્રેયાની દીકરી પણ તેની દાદી સાથે જ વધુ રહેતી હતી.

છેલ્લા થોડા દિવસથી શ્રેયા તેના પિતા જયંતીભાઈ સાથે ફોન પર વાત કરતાં કરતાં રડી પડતી હતી. તે જણાવતી હતી કે તેનો પતિ તેના પર ખૂબ અંકુશ રાખે છે. તેને એકલા બહાર જવાની પરવાનગી નથી અને પતિ અથવા સાસુ સાથે જ બહાર નીકળવા મળતું જેથી હવે શ્રેયા કંટાળી ગઈ હતી. જયંતીભાઈ અત્યાર સુધી એવું માનતા હતા કે શ્રેયા તેની અપર માતા સાથે રહેવા નથી માંગતી તેથી પિયર ઓછું આવે છે પરંતુ શ્રેયાને સાંભળ્યા બાદ તેઓ બેચેન બની ગયા અને અપરાધભાવમાં ડૂબી ગયા.

આજે જયંતીભાઈએ નિર્ણય લઈ લીધો હતો અને દીકરીને ચૂપચાપ ઘર છોડીને તેમના ઘરે આવવા કહી દીધું. જેથી શ્રેયા તેની દીકરીને સાસરે મૂકીને એકલી પિયર આવી ગઈ. જયંતીભાઈએ જમાઈને ફોન કરી જણાવી દીધું કે શ્રેયા હવે અહીં જ રહેશે પરંતુ હવે શું કરવું? આ યોગ્ય નિર્ણય છે કે નહીં? જેવા અનેક પ્રશ્નો તેમની અંદર ઊઠયા. તેથી તેઓ મારી પાસે આવ્યા. મેં તેમને થોડા દિવસ બાદ શ્રેયાને લઈને આવવા જણાવ્યું.


થોડા દિવસ બાદ જયંતીભાઈ એકલા આવ્યા અને મારા કહેવાથી શ્રેયા સાથે ફોન પર વાત કરાવી. શ્રેયાએ પતિના ઘરે પરત ફરવાની અનિચ્છા જાહેર કરી. જેનું કારણ પૂછતાં તે કશું નક્કર જણાવી ન શકી. તેની પુત્રી વિશે પૂછતા તેણે કહ્યું કે, આમ પણ તેની પુત્રી દિવસ અને રાત તેની સાસુ પાસે જ રહેતી આવી છે, તેથી હવે તે કદાચ તેમના વગર નહીં રહી શકશે. મેં શ્રેયાને મને રૂબરૂ મળવા આવવા કહ્યું પણ તેણે તે માટે ઉત્સાહ ન બતાવ્યો. મેં જયંતીભાઈને સમજાવીને તેમના જમાઈ સાથે વાત કરવા મનાવ્યા.

બે મહિના પછી જયંતીભાઈ અચાનક આવીને કરગરવા લાગ્યા કે, ''બેન! મારી દીકરીને પાછી સાસરે મોકલી આપો. એ મારું કહ્યું જરા પણ સાંભળતી

**જ્યારે કોઈ વૃક્ષની શાખા તેનાથી છૂટી પડી લટકવા લાગે ત્યારે તે શાખા ઉપરનાં પાંદડાંઓ ચીમળાવા લાગે. અનુભવી માળી માટીનો લોચો બનાવી, શાખાના તૂટેલા ભાગને ફરીથી વૃક્ષ સાથે જોડવા પ્રયત્ન કરે**

નથી. રાત-મધરાત મિત્રો સાથે ફરીને ઘરે આવે છે મને આડોશપાડોશમાં આંખ મિલાવતા પણ સંકોચ થાય છે. અઢી મહિના થયા પણ તેની દીકરીને મળવાનો પ્રયત્ન પણ નથી કરતી. પહેલાં તો મને અને મારી પત્નીને થયું કે, તે ઘણા દિવસ પછી આઝાદ પંખી જેવું મહેસૂસ કરતી હશે એટલે મિત્રો સાથે આખો દિવસ ફર્યા કરે છે પણ પછી લાગ્યું કે આ તો તેની આદત બનવા લાગી છે. તમારા કહેવાથી મેં મારા જમાઈ સાથે વાતચીતનો દોર ચાલુ રાખ્યો હતો. તેણે મને આવી જ ફરિયાદો કરી હતી.'' જમાઈએ કહ્યું હતું કે શ્રેયાની અપર મા સામે આવી વાત ન જવી જોઈએ. જેથી તેણે સસરાને કોઈ ફરિયાદ કરી ન હતી. આ સાંભળી જયંતીભાઈએ શ્રેયાને પૂછવા અને સમજાવવા પ્રયત્ન કરેલો પણ શ્રેયા કોઈનું સાંભળવા તૈયાર નહોતી. જેથી તેના મિત્રોને સમજાવવા પ્રયત્ન કરેલો. તેના મિત્રો પણ ડીવોર્સી, પરિવાર છોડીને નીકળેલા હતા અને હરવા-ફરવા, મોજ-મસ્તી કરવામાં માનતા હતા. ગઈકાલે જ શ્રેયાની દીકરીને જયંતીભાઈ પોતાના ઘરે લઈ આવ્યા હતા પણ શ્રેયા અને તેની દીકરી વચ્ચે કોઈ લાગણીનો સંબંધ જ ન જણાયો. જેથી મોડી સાંજે તેની દીકરીને પરત તેના ઘરે મૂકી આવ્યા.

બીજા દિવસે શ્રેયાના પતિને મળવા બોલાવ્યો. તેણે વધુ રહસ્યમયી વાત જણાવી કે, શ્રેયાને 2-3 વખત ડ્રગ્સ લેતાં પણ પકડી હતી. કદાચ શ્રેયાએ નાની ઉંમરમાં માતા ગુમાવી તે દુઃખ ભૂલી શકી નહોતી અને પિતાએ બીજા લગ્ન કર્યા તે વાત તે પચાવી શકી નહોતી. પોતે માતાના પ્રેમથી વંચિત થઈ ગયેલ જેથી પોતાની પુત્રીને પણ તે માતાનો પ્રેમ આપી શકી નહીં. તેની અંદરના ઘાવ તેને જંપવા દેતા નહોતા. મનોવૈજ્ઞાનિક, થેરપીસ્ટ અને કાઉન્સેલરની ટીમે છ મહિના સુધી શ્રેયા પર કામ કર્યું. અંતે આશાનાં કિરણો દેખાવા લાગ્યાં. શ્રેયા, તેની સાસુ અને તેની દીકરીની ત્રિપુટી બનાવી અવનવી પ્રવૃત્તિઓ કરાવવાનું શરૂ કર્યું. જયંતીભાઈ દ્વારા તેમની પ્રથમ પત્નીની સ્મૃતિમાં આજીવન પ્રવૃત્તિ શરૂ કરાવી, જેમાં શ્રેયાને સક્રિય ભૂમિકા સોંપી. જયંતીભાઈએ પોતાના વ્યવસાયમાં શ્રેયાને ભાગીદાર બનાવી, જેથી શ્રેયા ઓફિસ જવા લાગી. શ્રેયા, તેની અપર મા અને સાસુ ત્રણ જણાએ કીટી પાર્ટી શરૂ કરી. શ્રેયા અને તેના પતિએ રોજ રાતે ક્યારેક દીકરીને લઈને લોંગ ડ્રાઈવ પર જવાનો ક્રમ બનાવ્યો. આમ સમગ્ર પરિવારે એકમેક સાથે જોડાઈને સંબંધોમાં પ્રાણ ફૂંક્યો. સંબંધોમાં જોડાયેલી દરેકે દરેક વ્યક્તિએ એકમેકમાં રસ લઈને પ્રાણ ફૂંકવો જરૂરી છે. જ્યારે કોઈ વૃક્ષની શાખા તેનાથી છૂટી પડી લટકવા લાગે ત્યારે તે શાખા ઉપરનાં પાંદડાંઓ ચીમળાવા લાગે. અનુભવી માળી માટીનો લોચો બનાવી, શાખાના તૂટેલા ભાગને ફરીથી વૃક્ષ સાથે જોડવા પ્રયત્ન કરે. થોડી મહેનતના અંતે તેનાં પરનાં પાંદડાંઓ ફરી નવપલ્લવિત થવા લાગે છે. સંબંધો પણ આવી જ મહેનત માંગે છે. વૃક્ષની દરેક શાખાઓ એકમેક સાથે જોડાયેલી રહે તો જ સમગ્ર વૃક્ષ લીલુંછમ બની રહે. સંબંધોમાં જોડાયેલ પરિવારની તમામ વ્યક્તિઓને પણ આ લાગુ પડે છે. અટવાયેલા સંબંધો પર માટીનો મલમ જીવનદાન આપી જાય છે.



## પ્રિસ્ક્રિપ્શન

» ભટકી કે અટવાઈ ગયેલી વ્યક્તિમાં, અંકુશની સાથે પ્રેમ અને દરકાર સંબંધોમાં ટકી રહેવાની ઈચ્છા જગાડે છે.
» પતિ અને પત્ની બંનેના પરિવારજનોએ પણ એકમેક સાથે જોડાયેલા રહેવા પ્રયત્નો કરવા જોઈએ.
» પરિવારની એક વ્યક્તિ અટકી કે તૂટી જાય તો બાકીના બધાએ ભેગા મળીને તેમાં પ્રાણ ફૂંકવાની જવાબદારી ઉઠાવવી જોઈએ. એને એક મિશન તરીકે લેવું જોઈએ.
» છૂટી ગયેલાં કે તૂટી ગયેલાં જોડાણોને જોડવા નવી નવી તરકીબો- કીમિયા અજમાવતા રહેવું જોઈએ.